રાજ્યનું ધોરણ-૧૦નું ૬૮.૨૪ ટકા પરિણામ જાહેર

સુરત જિલ્લાનુ પરિણામ સૌથી વધારે ૭૯.૨૭ ટકા નોંધાયુ : નર્મદા જિલ્લાનુ પરિણામ સૌથી ઓછુ ૪૬.૯૦ ટકા રહ્યું : ગુજરાતી માધ્યમનુ ૬૫.૯૩ ટકા અને અંગ્રેજીનું ૯૨.૭૨ ટકા પરિણામ

જેની ઉત્સુકતાથી લાખો વિદ્યાર્થીઓ રાહ જોઇ રહ્યા છે તે ધોરણ-૧૦ બોર્ડ નું પરિણામ આજે સવારે જાહેર કરવામાં આવ્યુ હતુ. કુલ પરિણામ ૬૮.૨૪ ટકા રહ્યુ છે. સુરત જિલ્લાનુ પરિણામ સૌથી વધારે ૭૯.૨૭ ટકા રહ્યુ છે. આવી જ રીતે નર્મદા જિલ્લાનુ પરિણામ સૌથી ઓછુ ૪૬.૯૦ ટકા રહ્યુ છે. લાંબડિયાં કેન્દ્રનુ પરિણામ સૌથી ઓછુ ૧૦.૫૦ ટકા રહ્યુ છે. રાજકોટ જિલ્લાના રૂપાવટી કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ ૯૭.૪૭ ટકા રહ્યુ છે. ગત વર્ષે પરિણામ ૬૭.૦૬ ટકા રહ્યુ હતુ. જ્યારે આ વખતે પરિણામ ૬૮.૨૪ ટકા રહ્યું છે. આ વખતે પણ ધોરણ-૧૦ બોર્ડની પરિક્ષામાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ આગળ રહી છે. વિદ્યાર્થીઓનુ પરિણામ ૬૪.૬૯ ટકા અને વિદ્યાર્થીનીઓનુ પરિણામ ૭૩.૩૩ ટકા રહ્યુ છે. ગુજરાતી માધ્યમના પરિણામની ટકાવારી ૬૫.૯૩ ટકા છે. જ્યારે અંગ્રેજી માધ્યમના પરિણામની ટકાવારી ૯૨.૭૨ ટકા રહી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૫મી માર્ચથી પરીક્ષા લેવામાં આવી હતી. આ વર્ષે ધોરણ-૧૦ માં કુલ ૧૧,૦૨,૬૨૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. બોર્ડની પ્રથમ વખત પરીક્ષા આપી હોવાથી વિદ્યાર્થીઓ પરિણામને લઇને ભારે ઉત્સુક હતા.

પરીક્ષા પૂર્ણ થયા બાદથી જ પરિણામની રાહ જોવામાં આવી રહી હતી. ધોરણ-૧૦નુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ તરત જ ધોરણ-૧૧ની પ્રવેશ કાર્યવાહીની કવાયત હાથ ધરવામાં આવી હતી. આજે સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ ભારે ખુશખુશાળ દેખાઇ રહ્યા હતા. આ વખતે પણ ધોરણ-૧૧ની પ્રવેશ કાર્યવાહી સેન્ટ્રલાઇઝ પધ્ધતિથી હાથ ધરવામાં આવી રહી છે. ધોરણ-૧૦નુંપરિણામ જાહેર થયા બાદ

તરત જ અમદાવાદ ડીઇઓ દ્વારા ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ એ વન ગ્રેડ મેળવનાર નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૩૭૫૦ અને એ ટુ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪૪૫૪ નોંધાઈ છે.

પરિણામની ઝલક

નિયમિત વિદ્યાર્થીઓ	૭૭૫૦૧૩
પ્રમાણપત્ર પાત્ર વિદ્યાર્થીની સંખ્યા	૫૨૮૧૭૦
એકંદરે પરિણામ	૬૮.૨૪
વિદ્યાર્થીઓનુ પરિણામ	૬૪.૬૯ ટકા
વિદ્યાર્થીનિઓનુ પરિણામ	૭૩.૩૩ ટકા
સૌથી ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર	લાંબડિયા(૧૦.૫૦ ટકા)
સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો	સુરત(૭૯.૨૭ ટકા)
સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો	નર્મદા(૪૬.૯૦ ટકા)
૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ	૪૫૧
એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ	૩૭૫૦
એ-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ	૨૪૪૫૪
બી-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી	૫૭૭૩૯
બી-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી	૧૧૩૫૩૭
સી-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી	૧૮૧૮૧૭
સી-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી	૭૩૨૭
ડી-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી	૭૩૨૭
ઈ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી	૧૬
એક વિષયમાં સુધારાનો અવકાશ	૨૧૩૧૯
બે વિષયમાં સુધારાનો અવકાશ	૫૯૬૭૧
પુનરાવર્તિત વિદ્યાર્થીઓનું પરિણામ	૧૨.૩૮ ટકા
ખાનગી-એક્ષટર્નલ વિદ્યાર્થીઓનું પરિણામ	૫.૬૮ ટકા
પુનરાવર્તિ વિદ્યાર્થીનીઓનું પરિણામ	૧૬.૯૬ ટકા
ખાનગી એક્ષટર્નલ વિદ્યાર્થીનીઓનું પરિણામ	૧૦.૫૭ ટકા
અંગ્રેજી માધ્યમનુ પરિણામ	૯૨ટકા
ગુજરાતી માધ્યમનુ પરિણામ	૬૫ટકા
ગેરરીતિના કેસની સંખ્યા	૧૦૮
સીસીટીવી કેમેરા આધારે ગેરરીતિ પરિણામ અનામત	૧૧૯૮
અન્ય કારણોસર પરિણામ અનામત	૮૧૦
૨૦ ટકા પાસીંગ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓ	૧૬૨૪
પરિણામ રિઝર્વ	૧૧૯૮

શહેરની ૪૩ કન્સ્ટ્રકશન સાઈટ પર મેલેરિયા તંત્રની ટીમ ત્રાટકી

ગાંધીનગર, તા.૨૯

બે સાઈટ પર ૧૯ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા

ગાંધીનગર શહેરની ૪ બાંધકામ સાઈટ પર આજે મનપાનું મેલેરીયા તંત્ર ત્રાટકયું હતું અને ૧૯ જેટલા મચ્છરોના બ્રીડીંગ શોધી કાઢી તાત્કાલિક પોરાનાશક કામગીરી કરી કન્સ્ટ્રકશન સાઈટના સંચાલકોને આ માટે તાકીદ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે શહેરી મેલેરિયા તંત્રની ટીમે સે-૭, સે-૬ની બે કન્સ્ટ્રકશન સાઈટો પરથી ૧૯ જેટલા સ્થાનોએથી એડીલ મચ્છરોના બ્રીડીંગ શોધી કાઢયા હતા. આ બંને કન્સ્ટ્રકશન સાઈટના સંચાલકોને નોટીસ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે-૭ની સાઈટ પરથી ૧૨ જેટલા સ્થાનોએથી તો સે-૬ની સાઈટ પરથી ૭ જેટલા સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા.

તંત્રની ટીમો સે-૯ અને સે-૧૩ની બે અન્ય કન્સ્ટ્રકશન સાઈટ પર પણ ત્રાટકી હતી. આ સાઈટના સંચાલકોને મચ્છર ઉત્પત્તિ ના થાય તે જોવા લેવાલાયક પગલાંઓની જાણકારી આપી હતી.

જો હું વડાપ્રધાન બનુ તો ગરીબી અને બેકારી નાબુદ કરુ... તેજસ્વીઓના વિચારો પણ એ વન

ગાંધીનગર તા ૨૯

ધોરણ-૧૦ માં એ વન ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓએ ડોકટર એન્જિનિયર બનવાની ખેવના છે. આ પૈકી મોટાભાગના તેજસ્વી વિદ્યાર્થીઓને ડોકટર બની સમાજની સેવા કરવી છે તો અમુકને ઓટોમોબાઈલ તેમજ સિવિલ એન્જિનિયર બનવાનુ સ્વપ્ન સાકાર કરવુ છે. તેજસ્વી તારલાઓ સ્વ અબ્દુલ કલામ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આદર્શ માને છે. હુ વડાપ્રધાન બનુ તો ગરીબી અને બેકારી નાબુદ કરુ.. ડોકટર બની દેશમાં જ નહીં વિદેશમાં પણ સેવા આપવી છે. માતા પિતાના સ્વપ્નોને સાકાર કરવાની ખેવના ટોપર્સે વ્યક્ત કરી છે.સે-૨૩ આર જી કન્યા વિદ્યાલયની અનુશ્રી ચંદ્રકાન્ત પટેલને અફસર બનવુ છે. ડીઝિટલ ઈન્ડીયાનુ સ્વપ્ન સાકાર કરનારા પી એમ તેના માટે આદર્શ છે. અનુશ્રી કહે છે કે જો હું વડાપ્રધાન બનુ તો દેશમાંથી ગરીબી અને બેકારીને નાબુદ કરી નાંખુ ...શાળાના શિક્ષકો ભાઈ સંકેત અને માતા નીતાબેનના માર્ગદર્શન હેઠળ તેણીએ ઉજ્જવળ પરિણામ મેળવ્યુ હોવાની ખુશી વ્યક્ત કરી છે. સ્વ અબ્દુલ કલામને આદર્શ માનતી સેન્ટ ઝેવિયર્સની પંક્તિ પ્રજાપતિએ ડોકટર બનવુ છે.

કિશોરસરની ભણવાની પધ્ધતિ તેણીના ઉજ્જવળ પરિણામ માટે જવાબદાર હોવાનુ પણ તેણે જણાંવ્યુ છે. ગણિતમાં ૯૯ ગુણ મેળવનાર પર્લ રાજેશ પટેલને પણ ડોકટર બનવાની ખેવના છે. કિશોર કલાસીસમાં વીકલી ટેસ્ટ અને રીવિઝન વર્કના લીધે સારા ગુણ પ્રાપ્ત કર્યા હોવાનુ તેણીએ જણાંવ્યુ છે.પાર્થ રાજેશ ઠક્કરને આગળ એન્જિનિયરીંગ ક્ષેત્રે અભ્યાસ કરવો છે. હર્ષિલ કરીટ ચૌધરીએ મેડિકલમાં અભ્યાસ કરીને માતા નીતાબેનનુ સ્વપ્ન સાકાર કરવુછે.

જયારે કનિશ્ક રવિન્દ્ર પટેલે મશીનરીના ફિલ્ડમાં અભ્યાસ કરી એન્જિનિયર બનવુ છે. સે-૨૩ ગુરુકુલમાં અભ્યાસ કરતા તપન ચંદ્રકાન્ત પટેલને સોફટવેર એન્જિનિયરીંગમાં આગળ અભ્યાસ કરવો છે. આઈ ટી એન્જિનિયર બનવાની ચાહ ધરાવતો તપન પ્રાર્થના અને પુરુષાર્થના સુત્રને સાથે લઈને ચાલે છે. તેના મતે શાળાના અભ્યાસની સાથે કિશોરસરની મહેનત પણ રંગ લાવી છે. તે મારી દ્રષ્ટીએ એક ટયુશન શિક્ષક તરીકે શ્રેષ્ઠ છે. નગરમાં એ વન ગ્રેડ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓએ બોર્ડના વિદ્યાર્થીઓને સફળ થવા માટે એકાગ્રતાથી અભ્યાસમાં મન લગાવી તણાવમુક્ત વાંચન કરવા પણ સંદેશો પાઠવ્યો છે.

દીયોદર વિદેશી દારુ પકડતી પાલનપુર એલ.સી.બી.

ગોલવી ગામે રહેતા કરશનભાઈ મધાભાઈ રાજપુત (ડાભી) એ પોતાના કબજા ભોગવટાના ઘરે વિદેશી દારુની બોટલ નંગ/૩૩૦ કિ.રૂ.૩૩૦૦૦/ રાખી રેઈડ દરમીયાન ઘેર હાજર મળીઆવેલ ન હોઈ તેના વિરધ્ધ દિયોદર પોસ્ટે કાયદેસર કાર્યવાહી કરેલ છે.

યુપીએસસી પાસ... ● ત્રીજા પાનાનું ચાલુ

લીધો હતો. સિંગીંગ, ડ્રોઈંગ અને ફૂટબોલ રમવાની હૉબી ધરાવતી હિતાર્થી હાર્મોનિયમ પણ સારી રીતે વગાડી જાણે છે અને શાળાના વાર્ષિકોત્સવમાં તે માટે ઈનામો પણ જીતી ચુકી છે. ટીવી-ફિલ્મો પણ પ્રમાણસર જોતી હિતાર્થી અમિતાભ બચ્ચન તથા આમીરખાનની પ્રસંશક છે તથા હિરોઈનમાં તેને તાપસી પન્નુ સૌથી વધુ પસંદ છે. ક્રિકેટમાં તેની એમ.એસ. ધોની એકમાત્ર પસંદગી છે.

મેથ્સના પેપર વખતે થોડી નર્વસ થનાર હિતાર્થીનું કહેવુ છે કે વિદ્યાર્થીઓએ હંમેશા પોઝિટીવ થિંકીંગ રાખવુ જોઈએ. સ્કૂલ કે ટ્યુશનમાં શિક્ષક જે ભણાવે તેના પર પુરતુ ધ્યાન આપવુ અને અભ્યાસની સાથે પોતાની મનગમતી પ્રવૃત્તિ પણ કરતા રહેવુ જોઈએ. હિતાર્થીની માતા શ્રૃતિબેન કહે છે કે "સામાન્ય રીતે છોકરીઓની જે માનસિક સક્ષમતા હોય તેના કરતા હિતાર્થીની સક્ષમતા વધુ છે, તેને તેનુ ધ્યેય બરાબર ખબર છે એટલે અમારે ક્યારેય તે બાબતે તેને કોઈ દબાણ કરવુ પડ્યું જ નથી.

જામીન મળતા રાહત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાવવા માટેનો આદેશ કર્યો હતો. શરતી જામીન મંજુર કરવામાં આવ્યા હતા. વીરભદ્રસિંહ જામીન મળી ગયા બાદ મંજુરી વગર દેશની બહાર પણ જઈ શકશે નહીં. સાથે સાથે તેમને પોતાના પાસપોર્ટ જમા કરાવી દેવા પડશે. મામલાની આગામી સુનાવણી ૨૭મી જુલાઈના દિવસે કરવામાં આવશે. આ અગાઉ સોમવારના દિવસે સીબીઈઆઈએ તેમની જામીન અરજીનો વિરોધ કર્યો હતો. વીરભદ્રસિંહ અને તેમના પત્નીની જામીન અરજીનો વિરોધ કરતા સીબીઆઈએ દલીલ કરી હતી કે આવકના જાણીતા સાધનો કરતા અપ્રમાણ સંપત્તિમાં ચાલી રહેલી તપાસ આના કારણે અસર પામી શકે છે. જો તેમની જામીન અરજી મંજુર થશે તો કોઈપણ વ્યક્તિ તેમની સામે જામીન આપવા માટે કોર્ટમાં આવવાની હિંમત કરશે નહીં. સીબીઆઈએ કહ્યું હતું કે આરોપી મુખ્યમંત્રી તરીકે છે. અન્યોની સાંઠગાંઠથી અપરાધીક ગતિવિધિઓના માધ્યમથી છ કરોડ રૂપિયાથી વધારાની રકમને વ્હાઈટ કરવામાં આવી હતી. વીરભદ્રસિંહ અને અન્ય આરોપીઓ દ્વારા પોતાની જામીન અરજીમાં દલીલ અપાઈ હતી કે તપાસ પૂર્ણ થઈ ચુકી છે કારણ કે સીબીઆઈ ચાર્જશીટ દાખલ કરી ચુકી છે. સીબીઆઈએ કહ્યું છે કે આ મામલામાં હજુ પણ વિસ્તારપૂર્વક તપાસ ચાલી રહી છે.

આતંકવાદ અને ક્રિકેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે બીસીસીઆઈને સૌથી પહેલા પાકિસ્તાનને કોઈ દરખાસ્ત આપતા પહેલા ભારત સરકાર સાથે વાત કરવી જોઈએ. અમે પહેલાથી જ સ્પષ્ટતા કરી ચુક્યા છીએ કે જ્યાં સુધી સરહદ પારથી આતંકવાદી ગતિવિધિ જારી રહશે ત્યાં સુધી પાકિસ્તાન સાથે કોઈ દ્વિપક્ષીય શ્રેણી રમાશે નહીં. અમે મલ્ટીનેશનલ ઈવેન્ટમાં પાકિસ્તાન સામે રમવાનો ઈનકાર કરી રહ્યા નથી. પીસીબી પહેલાથી જ એમઓયુને નહીં પાળવા બદલ ૩૮૭ કરોડની રકમનો દાવો બીસીસીઆઈ ઉપર માંડી દેવા માટે નોટિસ ફટકારી ચુકી છે. ૨૦૧૫-૨૦૨૩ વચ્ચે પાંચ દ્વિપક્ષીય શ્રેણી સમજૂતિ મુજબ યોજાનાર છે. અમિતાભ ચૌધરીના નેતૃત્વમાં બીસીસીઆઈના અધિકારીઓ પીસીબીના અધિકારીઓ સમક્ષ કહી રહ્યા છે કે શ્રેણી સરકારની પરવાનગી વગર યોજાઈ શકશે નહીં.

જો પાકિસ્તાન ઝુકવા તૈયાર થશે તો આ કેસનો ઉકેલ આવી શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લે ડિસમ્બર ૨૦૧૨માં દ્વિપક્ષીય શ્રેણી રમાઈ હતી. તે વખતે પાકિસ્તાનની ટીમ ભારતમાં રમવા માટે આવી હતી. આ શ્રેણીમાં ત્રણ વન ડે મેચો અને બે ટ્વેન્ટી મેચો રમાઈ હતી. બંને દેશો આઈસીસી ટ્વેન્ટી-૨૦માં ગયા વર્ષે આમને સામને આવ્યા હતા. તે વખતે મેન ઈન બ્લુ અથવા તો ભારતે પડોશી દેશ ઉપર જીત મેળવી હતી.

હુમલાનો ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

યાત્રાને કોઈ અસર ન થાય ત માટે નવી રણનીતિ તૈયાર થઈ રહી છે. આ વર્ષે અમરનાથ યાત્રાની સુરક્ષામાં આશરે ૨૭ હજાર જવાન તૈનાત કરવામાં આવનાર છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા ખીણમાં અશાંતિના માહોલમાં અમરનાથ યાત્રાની સુરક્ષા ઉપર ખતરાની નોંધ લીધી છે. ગૃહ મંત્રાલયમાં સલાહકાર અશોક પ્રસાદે છેલ્લા સપ્તાહમાં જ કહ્યું હતું કે યાત્રા ઉપર આતંકવાદીઓની સાથે સાથે પથ્થરબાજોનો પણ ખતરો છે. તમામ ખતરાઓને ધ્યાનમાં રાખવામાં આવી રહ્યા છે. જમ્મુ-કાશ્મીર પોલીસના રેકોર્ડ મુજબ ખીણમાં ૨૮૨ ત્રાસવાદીઓ સક્રિય છે જે પૈકી ૧૧૨ દક્ષિણ કાશ્મીરમાંછે. જમ્મુ-કાશ્મીર પોલીસના એક અધિકારીએ કહ્યું છે કે અમરનાથ યાત્રા એ વખતે શરૂ થઈ રહી છે જ્યારે ખીણમાં અશાંતિનો માહોલ થયેલો છે. સુરક્ષા દળો સાથે સ્થાનિક લોકોની અથડામણ થઈ રહી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Addition of Surname

Pinakin Dayashanker and Pinakin Dayashanker Dave are one and same Person.
Address :
Plot No. 1459/2,
Sector-3/C,
Gandhinagar-382006

ગાંધીનગર મહાનગરપાલિકા

દિનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અમલીકરણ કામગીરી માટે ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકથી નીચે જણાવેલ જગ્યા માટે તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત એક (૧) જગ્યા ભરવા માટે અનુભવ અને લાયકાત ધરાવતા ઈસમોને નીચેના સરનામે આર.પી.એ.ડી.થી અરજી કરવાની રહેશે. તેમજ અરજી મોકલવાની છેલ્લી તારીખ : ૮/૬/૨૦૧૭ રહેશે.

અ.નં.	જગ્યા	લાયકાત	પગાર
૧	સમાજ સંગઠક-૧	ધોરણ-૧૨ પાસ અને સમાજલક્ષી સેવાઓનો ૫ વર્ષનો અનુભવ અથવા માન્ય યુનિવર્સિટીની સ્નાતક ડીગ્રી અને સમાજ લક્ષી સેવાઓનો ૨ વર્ષનો અનુભવ, કોમ્પ્યુટરમાં એમ.એસ. ઓફીસની જાણકારી આવશ્યક, વય મર્યાદા ૩૫ વર્ષ	ફિક્સ વેતન ૩. ૧૦,૦૦૦/-

બહુમાળી ભવન, પ્રથમ માળ,
એમ.એસ. બિલ્ડીંગ, સેક્ટર-૧૧,
ગાંધીનગર મહાનગરપાલિકા

સહી/-
નાયબ મ્યુનીસીપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપિલાક

માહિતી/૫૮૬/૧૭-૧૮

ડીસીબી બેંક લિમિટેડ

કબ્જો કમ હરાજી વેચાણ નોટિસ

સિક્યુરાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ગિરવે રાખેલ સ્થાવર સંપત્તિઓનું વેચાણ અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને વિશેષ રીતે દેણદાર અને જામીનદારોને અધિકૃત અધિકારી દ્વારા નોટિસ આપવામાં આવે છે કે સિક્યુરાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની જોગવાઈઓ મુજબ નીચે સહી કરનારે, ડિસીબી બેંક લિ. પાસે ગીરવે રાખેલ નીચે જણાવેલ મિલકતનો સિક્યોર્ડ દેવાની વ્યાજ અને ચાર્જેસ-ખર્ચ સહિત વસૂલી માટે તા.૨૪/૦૫/૨૦૧૭ ના રોજ કબજો લઈ સ્થાવર અને જંગલ મિલકતોના જાહેર હરાજી દ્વારા વેચાણ કરવા માટે ટેન્ડર દ્વારા ઓફર મંગાવે છે. સંપત્તિ નું વેચાણ " જે કાંઈ છે તે છે અને જ્યાં છે ત્યાં છે " ના આધારે કરવામાં આવશે. આ નોટિસ ઉપરના ધિરાણ લેનાર દેણદાર અને જામીનદારને એ માટે પણ છે કે જો તેઓ ઉપર જણાવેલ રકમ ઉપર જણાવેલ તારીખની અંદર નહી ભરે, તો મિલકતની હરાજી તથા વેચાણ રાખવામાં આવશે તે અંગે પણ છે.

નાણાં લેનાર તેમજ જામીનદારના નામ: અરવિંદભાઈ હીરાલાલ માલી અને માયાબેન અરવિંદભાઈ માલી

ગીરો મિલકતની વિગતો	નિશ્ચિત રકમ	અર્નેસ્ટ મની ડિપોઝીટ	ચકાસણીની તારીખ અને સમય
મિલ્કત સી-૩૦૧, અક્ષર હોમ, વાવોલ ગામ, વાવોલ, ગાંધીનગર ૩૮૨૦૧૦	રૂ. ૬,૭૦,૦૦૦/- રૂ. અંકે છય લાખ સીત્તેર હજાર પુરા	રૂ. ૧,૦૦,૦૦૦/- રૂ. અંકે એક લાખ પુરા	૨૨/૦૬/૨૦૧૭

હરાજીની તારીખ અને સમય: ૩૦/૦૬/૨૦૧૭

બાકી લેણી રકમ: રકમ તા.૧૫/૧૨/૨૦૧૫ મુજબ રૂ.૧૪,૬૮,૬૬૩.૩૪ (રૂપિયા ચૌદ લાખ અડસઠ હજાર છસોત્રેસઠ અને પૈસા ચોત્રીસ પુરા)

નીચે સહી કરનાર દ્વારા ઈચ્છુક ખરીદદારો/બીડરો ઉપરની ખરીદવા માટે ઓફર બંધ કવરમાં મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ખરીદદાર તેમની ઓફર ઉપરની મિલકત માટે બંધ કવરમાં અર્નેસ્ટ મની ડિપોઝીટ તરીકે ડીસીબી બેંક લિ., અમદાવાદની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે ડીસીબી બેંક લિ. ૮, ભોંયતળિયે, પરીસીમા કોમ્પ્લેક્ષ, સી.જી. રોડ અમદાવાદ ખાતે ૨૯-૦૬-૧૭ ના બપોરે ૪ વાગ્યા સુધીમાં કે તે અગાઉ મોકલી શકે છે. બંધ કવરો તા. ૩૦-૦૬-૧૭ ના રોજ સવારે ૧૧.૩૦ વાગે હરાજીની તારીખ ખોલવામાં આવશે. જો બીડર અસફળ હશે તો તેમના ઇએમડી વ્યાજ વગર પરત આપવામાં આવશે. ઇચ્છુક ખરીદદાર મિલકતના નિરીક્ષણ માટે ઉપર આપેલી તારીખે જે તે જોઈ શકે છે તે માટે વિશાલ લાહીને (૯૮૨૫૩૩૬૬૫) સંપર્ક કરવો. અર્નેસ્ટ મની ડિપોઝીટ વિનાની ઓફરનો તદ્દન અસ્વીકારાય કરવામાં આવશે. અધિકૃત અધિકારી કોઈ પણ કારણ દર્શાવ્યા વિના કોઈ પણ/તમામ બીડનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો હક ધરાવે છે. જો બીડ સ્વીકારાય તો સફળ બીડરે તરત જ વેચાણ કિંમતની ૨૫% રકમ (અગાઉ ભરેલ ઇએમડી બાદ કરીને) ભરી દેવાની રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો અર્નેસ્ટ મની ડિપોઝીટના પૈસા જપ્ત થઈને મિલકત ફરી વેચાણ માટે મુકાશે. બાકીની રકમ ખરીદદારે વેચાણ નક્કી થયાના દિન ૧૫ માં ભરી દેવાની રહેશે. જો આપેલ સમયગાળામાં તે ભરવામાં કસૂર થશે તો અર્નેસ્ટ મની ડિપોઝીટના પૈસા જપ્ત થઈને મિલકત ફરી વેચાણ માટે મૂકાશે. તમામ સ્ટેમ્યુટરી ડ્યુઝ/ ટેક્સેસ/સ્ટેમ્પ ડ્યુટીઝ/રજિસ્ટ્રેશન ચાર્જસ/ટ્રાન્સફર ફી ખરીદદારે અલગથી ભરવાના રહેશે.

દેણદાર અને જામીનદારોને સરફેસી કાયદો, હેઠળ સ્ટેચ્યુટરી ૩૦ દિવસીય વેચાણ નોટિસ

ઉપરના દેણદાર/જામીનદારોને નોટિસ આપવામાં આવે છે કે તેમણે હરાજીની તારીખ પહેલાં નોટિસમાં દર્શાવેલ રકમ વ્યાજ તથા થયેલ અને થનાર ખર્ચા સાથે ભરપાઈ કરી જવી, જેમાં કસૂર કર્યેથી નીચેના વિગતો મુજબ ગિરવે મિલકતો હરાજ/વેચાણ થશે અને જો કાંઈ બાકી રહેતું હશે તો દેણદાર/જામીનદાર પાસેથી વ્યાજ અને ખર્ચ સહિત વસૂલ કરવામાં આવશે.

તારીખ. ૨૪/૦૫/૨૦૧૭,
સ્થળ. અમદાવાદ

સહી- અધિકૃત અધિકારી
ડીસીબી બેંક લિમિટેડ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ